**Gujarat Samachar Pg 7,    23 Jan 2022**

# આઈસી-૧૫ ઈન્ડેક્સમાં કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ, તા.૨૨

ક્રિપ્ટો કરન્સી બજારમાં આજે મંદી ઝડપથી આગળ વધી હતી. વૈશ્વિક શેર બજારો તૂટતા તથા અમેરિકામાં વ્યાજ વૃદ્ધીની શક્યતા વધતાં ક્રિપ્ટોમાં વેચવાલી વધી છે. બિટકોઈનના ભાવ તૂટી આજે નીચામાં ૩૪ હજાર ડોલર નજીક ઉતર્યા હતા. યુએસમાં ફેડરલ રિઝર્વની મિટિંગ આવતા વિકમાં છે તેના પર બજારની નજર રહી હતી. ક્રિપ્ટો બજાર ગબડતાં ક્રિપ્ટોવાયરનો આઈસી-૧૫ ઈન્ડેક્સ આજે ૮૫૩૬ પોઈન્ટ તૂટી ૫૦૫૪૩ રહ્યો હતો. નીચામાં ઈન્ડેક્સ ૪૯૩૩૨ સુધી ઉતર્યો હતો. આઈસી-૧૫ ઈન્ડેક્સ આજે ૧૪.૪૫ ટકા ગબડયો હતો. મિડકેપ ક્રિપ્ટોમાં આજે ઈથેરના ભાવ તૂટી ૨૪૫૭થી ૨૪૫૮ ડોલર બોલાયા હતા જ્યારે સ્મોલકેપમાં એક્સઆરપી ઘટી ૫૯થી ૬૦ સેન્ટ, સોલાના ઘટી ૯૯.૩૧ ડોલર, કારડનો ઘટી ૧.૧૦ ડોલર, ડોઝકોઈન ઘટી ૧૩થી ૧૪ સેન્ટ તથા શિબાઈનું ઘટી ૦.૦૦૦૦૨૦ ડોલર બોલાયો હતો. રશિયાએ ક્રિપ્ટો વિરોધી વલણ બતાવ્યાના નિર્દેશો હતા. જો કે આવા ઘટાડાના માહોલમાં બ્લેકરો કે બ્લોકચેઈન ઈટીએફ શરૂ કરવા પ્રક્રિયા શરૂ કર્યાના નિર્દેશો વહેતા થતાં બજારના ખેલાડીઓ આશ્ચર્ય બતાવી રહ્યા હતા.